# ટોરેન્ટ પાવર લીમીટેડ
# ગુજરાત વીજનીયમન પંચ સમક્ષ,
### છઠ્ઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫-સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫.

## જાહેર નોટીસ

૧ ટોરેન્ટ પાવર લીમીટેડ (હવે પછી તેનો ઉલ્લેખ "ટીપીએલ-ડી" તરીકે કરાયો છે) દ્વારા કેસ નંબર ૨૦૩૫/૨૦૨૧ હેઠળ દહેજ સપ્લાય વિસ્તાર માટે (૧) નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુઇંગ અપ (૨) નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના એઆરઆર નિર્ધારણ અને (૩) નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરી છે.

૨ જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ટ્રુઇંગ અપ વાસ્તવિક આંકડાઓ મુજબ સૂચીત કરવામાં આવેલ છે.

૩ દહેજ સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની મહેસુલી ખાધ/(પુરાંત)ની ગણતરી જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રજુ કરેલ એઆરઆરના અંદાજો અને હાલનાં રૂા. ૦.૫૭ પ્રતી યુનીટના એફપીપીપીએને બેઝ એફપીપીપીએ તરીકે ધ્યાને લઈને હાલના વીજદરે નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજીત વીજ વેચાણ ઉપર અંદાજીત કરેલ આવક અનુસાર કરવામાં આવી છે.

૪ ટીપીએલ-ડીએ સંચિત ખાધની વસૂલાત નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના વીજદરમાં સુધારા દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે. ટીપીએલ-ડી એ સુધારેલા વીજદરનો અમલ તા. ૧ એપ્રિલ, ૨૦૨૨ થી કરવા પ્રસ્તાવિત કરેલ છે. નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે વીજદર માળખાના સૂચીત ફેરફાર અહીં નીચે દર્શાવેલ છે.

**દહેજ સપ્લાય વિસ્તાર માટેના સૂચીત દરો ના ફેરફાર**

| ક્રમ | કેટેગરી | એનર્જી ચાર્જીસ | |
|---|---|---|---|
| ૧ | એચટીપી-૧ | ૫૦૦ કેવીએ સુધીની બિલિંગ ડિમાન્ડ | ૨૯૦ પૈસા/યુનીટ |
| | | પછીના ૨૦૦૦ કેવીએના બિલિંગ ડિમાન્ડ સુધી | ૩૨૫ પૈસા/યુનીટ |
| | | ૨૫૦૦ કેવીએથી વધુ બિલિંગ ડિમાન્ડ માટે | ૩૩૫ પૈસા/યુનીટ |
| | | એચટી સીઝનલ ગ્રાહકો માટે | ઓફ-સીઝન દરમ્યાન વપરાયેલા યુનીટ ૩૭૫ પૈસા/યુનીટના દરે ચાર્જ કરવામાં આવશે |
| ૨ | એચટીપી-૨ | ૫૦૦ કેવીએ સુધીની બિલિંગ ડીમાન્ડ | ૩૨૫ પૈસા/યુનીટ |
| | | પછીના ૨૦૦૦ કેવીએના બિલિંગ ડિમાન્ડ સુધી | ૩૪૫ પૈસા/યુનીટ |
| | | ૨૫૦૦ કેવીએથી વધુ બિલિંગ ડિમાન્ડ માટે | ૩૫૫ પૈસા/યુનીટ |
| ૩ | એચટીપી-૩ | ૫૬૫ પૈસા/યુનીટ | |
| ૪ | આરજીપી | પ્રથમ ૫૦ યુનીટ | ૩૦૫ પૈસા/યુનીટ |
| | | પછીના ૫૦ યુનીટ | ૩૩૫ પૈસા/યુનીટ |
| | | પછીના ૧૫૦ યુનીટ | ૪૦૦ પૈસા/યુનીટ |
| | | ૨૫૦ યુનીટથી વધુ માટે | ૪૯૦ પૈસા/યુનીટ |
| ૫ | ટેમ્પરરી સપ્લાય | ૪૬૫ પૈસા/યુનીટ | |

- ઉપરોક્ત કેટેગરીઓ ઉપરાંત, અન્ય કેટેગરીઓના એનર્જી ચાર્જમાં પણ રૂા. ૦.૨૫ પ્રતિ યુનીટનો વધારો કરવામાં આવેલ છે.
- ટીપીએલ-ડીએ નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂા. ૦.૫૦ પ્રતિ યુનીટના વધારાનાં વીજદરે વૈકલ્પિક "ગ્રીન ટેરિફ" રજુ કરવાનો પણ પ્રસ્તાવ કરેલ છે.
- ઓપન એક્સેસ ચાર્જીસ : ટીપીએલ-ડીએ ઓપન એક્સેસ ગ્રાહકોને લાગુ પડતાં વ્હિલિંગ ચાર્જીસ અને ક્રોસ સબસીડી સરચાર્જ નિર્ધારણ કરવા પ્રસ્તાવિત કરેલ છે.

૫. માનનીય કમીશન/માનનીય ટ્રિબ્યુનલ સમક્ષની બાકી રહેલ કાર્યવાહી સંબંધિત ખાધ અને કેરીંગ કોષ્ટને રેગ્યુલેટરી ચાર્જ દ્વારા વસૂલવા માટે પ્રસ્તાવિત કરેલ છે.

**અરજીની નકલ પ્રાપ્ત કરવા માટેની જોગવાઈ :**

૬. નિરીક્ષણ માટે અરજીની નકલો ટોરેન્ટ પાવર લીમીટેડ, પ્લોટ નંબર ઝેડ-૨૧, ૩૩ કેવી ટીપીએલ સબસ્ટેશન, દહેજ એસ. ઈ. ઝેડ, તા. વાગરા, જિ. ભરૂચની ઓફિસ ખાતે ઉપલબ્ધ છે. વધુમાં અરજીની નકલ રૂા. ૧૨૦/- રોકડેથી અથવા ટોરેન્ટ પાવર લીમીટેડની તરફેણના અને સુરત ખાતે ચૂકવી શકાય તેવા ડિમાન્ડ ડ્રાફ્ટ-પે ઓર્ડર દ્વારા ઉપરોક્ત સરનામેથી ખરીદી શકાશે. અરજીની નકલ ટપાલથી પ્રાપ્ત કરવા માટે ટપાલ ખર્ચના રૂા. ૫૦/- (રૂપિયા પચાસ) વધુ ચૂકવવાના રહેશે.

૭. ઉપરોક્ત અરજીની ઈલેક્ટ્રોનિક નકલ વેબસાઈટ www.torrentpower.com ના રેગ્યુલેટરી સેક્શન પરથી પણ મળી શકશે.

**પ્રતિભાવ રજુ કરવા માટેની માર્ગદર્શિકાઃ**

૮. આથી લાગુ પડતા નિયમો અનુસાર, જાહેર સૂચના આપવામાં આવે છે કે ઉપરોક્ત અરજી સામે જે કોઈપણ વ્યક્તિને પોતાના વાંધા-સૂચનો રજુ કરવામાં રસ હોય તેઓએ પોતે જેનો આધાર લેતા હોય તે દસ્તાવેજો સાથેની પોતાની અરજી, પાંચ સેટમાં, તેમજ તેના ટેકામાં આવશ્યક એફિડેવિટ સાથે, સેક્રેટરી, ગુજરાત વીજનીયમન પંચ, છઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન ૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫ ને તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ કે તે પહેલા મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ નીચે સહી કરનારને પણ મોકલવાની રહેશે.

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
"સમન્વય", ૬૦૦, તપોવન,
આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫
CIN: L31200GJ2004PLC044068

**તા.: ૧૦મી ડિસેમ્બર, ૨૦૨૧**

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
સહી/-
**વાઇસ પ્રેસીડન્ટ (કોર્પોરેટ અફેર્સ)**